ગાંધીનગર સમાચાર

રશિયન નાયબ વડાપ્રધાન સાથે મોદીની વિસ્તૃત ચર્ચા

# પ્રથમ ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્ષચેન્જનું ઉદ્‌ઘાટન

## ગિફ્ટ સિટીની પ્રતિષ્ઠામાં ઉલ્લેખનિય વધારો : મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે : નરેન્દ્ર મોદી




ગાંધીનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકીકરણના પ્રોજેક્ટના ભૂમિપૂજન ત્યારબાદ ટ્રેડ શો અને ત્યારપછી ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્ષચેન્જનું ઉદ્‌ઘાટન કરવા માટે પહોંચ્યા હતા. મોદીએ ગિફ્ટ સીટીમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ એક્ષચેન્જને ખુલ્લું મુક્યું હતું. જેમાં આ પ્રસંગે અનેક ટોચની હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે વર્લ્ડ ક્લાસ ફાઈનાન્સ અને આઈટી ડોમ બનાવવા માટેનું હેતુ ગિફ્ટ સીટીનો હતો. મોદીએ કહ્યું હતું કે તમામ ટેલેન્ટને ભારત પરત કઈ રીતે લાવવામાં આવે તેના પ્રયાસો હાથ ધરાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# સિંગાપોર, દુબઈ, હોંગકોંગનો ૪૮ અબજ ડોલરનો બેન્કિંગ વ્યવસાય હવે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૯

આઠમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ઉદઘાટન કરવા આજે બપોરે અમદાવાદ આવી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાંજે ગાંધીનગર ખાતે આવેલી ગીફ્ટ સીટી(ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી)માં આવેલા ૧૬ માળના ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેંજનું ઉદઘાટન કર્યું હતું.

આ એક્સચેંજ ગુજરાત ખાતે શરૂ કરવા પાછળ ભારત સરકાર અને વડાપ્રધાન મોદીનો મુખ્ય આશય સિંગાપોર, દુબઈ અને હોંગકોંગની ૪૮ અબજ ડોલરની બેન્કિંગ પ્રવૃત્તિઓના વ્યવસાયને ગુજરાતમાં ખેંચી લાવવાનો રહેલો છે. મોદીએ કહ્યું હતું કે આ એક્સચેન્જના કારણે ગુજરાતની ગિફ્ટ સિટી એ વિશ્વના નકશામાં આવી જશે. તેમણે ગુજરાત સરકાર અને ફાયનાન્સિયલ સંસ્થાઓનો આભાર માન્યો હતો.

હાલમાં કમુરતા ચાલતા હોવાથી હાલ આ એક્સચેંજનું કામકાજ શરૂ નહીં થાય પરંતુ ૧૪ જાન્યુઆરી બાદ કમુરતા ઉતરી ગયા બાદ ૧૬ જાન્યુઆરીના રોજથી આ એક્સચેંજમાં શેર અને ઈક્વિટી ઈન્ડેક્સના વાયદાના સોદાનો વેપાર શરૂ થઈ જશે. ત્યારબાદ ધીમને ધીમે આ એક્સચેંજમાં સોનું, ચાંદી, તાંબુ, ક્રુડ ઓઈલ જેવી કોમોડીટી અને ભારતીય રૂપિયાના સોદાનો વેપાર લશરૂ થઈ જશ એમ બોમ્બે સ્ટોક એક્સચેંજના ચીફ એક્ઝિક્ટુટિવ ઓફિસર આશિષકુમાર ચૌહાણે પત્રકારને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું. હાલ ૯૬ શેરદલાલોએ પોતાની કંપનીઓં રજિસ્ટ્રેશન આ એક્સચેંજમાં કરાવી દીધું છે. શેરોના વાયદાનો જે વેપાર સિંગાપોર એક્સચેંજમાં જતો રહ્યો હતો, કરન્સી ડિરાઈવેટીઝનો જે વેપાર દુબઈ એક્સચેંજ ખાતે ખસી ગયો હતો અને હોંગકોંગના શેરબજારમાં ખસી ગયેલા સ્ટ્રક્ચર્ડ પ્રોડક્ટના વેપારને આ એક્સચેંજની સ્થાપના બાદ અમે પાછો ખેંચી લાવીશું એમ ચૌહાણે દૃઢ વિશ્વાસ સાથે કહ્યું હતું.

ગીફ્ટ સીટીના માહિતી પત્રકમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય કંપનીઓ અને ભારતીય નાગરિકોએ ૨૦૧૫ની સાલમાં વિદેશી એક્સચેંજમાં કરેલી ૪૮ અબજ ડોલરની આર્થિક અને બેન્કિંગ પ્રવૃત્તિઓના વેપારને પાછો ખેંચી લાવવાનું લક્ષ્ય છે અને ૨૦૧૫ની સાલ સુધીમાં આ વેપાર ૧૨૦ અબજ ડોલરના આંક સુધી પહોંચી શકે છે.

## સ્મરણાંજલિ

''સ્મરણો ભીંજવે હૈયું.. ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં...''



MINAXI GROUP



**સ્વ. શ્રીમતિ મીનાક્ષીબેન વ્યાસ**
સ્વ. તા. ૧૨-૧-૧૯૮૦
- કુ. દેવાંશી નિશિત વ્યાસ
- હરિવંશ નિશિત વ્યાસ
- મીનાક્ષી એન્ટરપ્રાઈઝ

**સ્વ. શ્રી જદુરાય વ્યાસ**
સ્વ. તા. ૧૦-૧-૧૯૮૦
- નિશિત જદુરાય વ્યાસ
- ઈશાની નિશિત વ્યાસ
- મીનાક્ષી ટ્રેડર્સ, ગાંધીનગર

•મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, "મીનાક્ષી", ૩૮૧, સેક્ટર-૧૬, ગાંધીનગર. ટે. ૨૩૨૨૧૯૯૯, ૨૩૨૩૩૩૯૯

## ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર

The Gandhinagar Nagarik Co-op. Bank Ltd.

**બેન્કના ધંધાકીય ખાતેદારો માટે POS મશીન (સ્વાઇપ મશીન) યોજના.**

બેન્કના વહેપારી ગ્રાહકોને જણાવવાનું કે ક્રેડિટ/ડેબીટ કાર્ડ દ્વારા પેમેન્ટ મેળવવા માટે બેન્કે આયોજન કરેલ છે. જેમાં બેન્કની તમામ શાખાઓમાં આ પદ્ધતિનું નિર્દેશન રાખવામાં આવનાર છે. રસ ધરાવનાર વહેપારી કે જે માત્ર આ બેન્કના ખાતેદાર હોય તેઓ નીચે જણાવેલ સમય અને તારીખે નજીકની શાખામાં રૂબરૂ નિદર્શન જોઇ શકશે.



ItzCash

**તારીખ :- ૧૬.૦૧.૨૦૧૭, સોમવાર**
**સમય :- ૧૧.૦૦ થી ૨.૦૦**

મુખ્ય શાખા ફોન નં. ૦૭૯ ૨૩૨૨૯૧૫૩

- સચિવાલય શાખા ફોન નં. ૦૭૯ ૨૩૨૪૭૩૦૫
- જી.ઇ.બી. શાખા ફોન નં. ૦૭૯ ૨૩૨૧૫૧૫૦
- સેક્ટર-૨૪ ચાર રસ્તા ફોન નં. ૦૭૯ ૨૩૨૩૨૮૭૦
- ઘ-૨, કોર્નર શાખા ફોન નં. ૦૭૯ ૨૩૨૩૯૬૭૨
- ચાંદખેડા શાખા ફોન નં. ૦૭૯ ૨૩૨૯૧૪૧૦
- સરગાસણ શાખા ફોન નં. ૦૭૯ ૨૯૭૫૦૭૧

# રશિયન નાયબ વડાપ્રધાન સાથે મોદીની વિસ્તૃત ચર્ચા

અમદાવાદ, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રશિયાના નાયબ વડાપ્રધાન દિમિત્રી રોગોજિનની સાથે વાતચીત કરી હતી. બંનેએ સાથે મળીને ગ્લોબલ ટ્રેડ શોમાં વિવિધ સ્ટોલનું નિરીક્ષણ કર્યું હતું. હાલ ગુજરાતની બે દિવસીય મુલાકાત પર છે. વડાપ્રધાન મોદી અહીં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭નું ઉદ્ઘાટન કરવા અને કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવ્યા છે ત્યારે સોમવારે પીએમ મોદી રશિયાના નાયબ વડાપ્રધાનને મળ્યા હતા અને બન્ને દેશોના પ્રતિનિધો વચ્ચે મહત્વપૂર્ણ બેઠક મળી હતી. તે બાદ તેમણે ગ્લોબલ ટ્રેડ શોમાં સાથે મળીને વિવિધ સ્ટોલનું નિરીક્ષણ કર્યું હતું. નોંધનીય છે કે, આજે બપોરે અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત રાજયપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી કર્યું હતું. જે બાદ પીએમ મોદી રાજભવન પહોંચ્યા હતા. જ્યાં તેમણે રૂપાણી અને અન્ય અધિકારીઓ સાથે બેઠક કરીને વાઈબ્રન્ટની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તે બાદ તેમણે રશિયાના નાયબ વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી.

Vibrant GUJARAT 2017 ™ 10-13 Jan
Connecting India to the World | 8th Global Summit
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી, ભારત

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭

૧૦ ૧૧ ૧૨ ૧૩ જાન્યુઆરી ૨૦૧૭



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ભારતના પ્રધાનમંત્રી
**શ્રી નરેન્દ્ર મોદી**
ના વરદ હસ્તે ઉદ્‌ઘાટન
સમયઃ બપોરે ૩.૩૦ વાગ્યાથી • તારીખઃ ૧૦ જાન્યુઆરી, ૨૦૧૭
સ્થળઃ મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત.

**ભારતનો આર્થિક એક્સપ્રેસ-વે**
વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ ગુજરાતની વિકાસ યાત્રાનો વધુ એક કીર્તિમાન બની રહેશે.
ગુજરાત ફરી એક વખત અસીમ સંભાવનાઓનું સર્જન કરી રહ્યું છે ત્યારે, આ યાત્રામાં સહભાગી બનવા,
આ ઈવેન્ટના સાક્ષી બનવા આપને આમંત્રણ છે, જે એક વિકાસ આંદોલન બની ચૂક્યું છે.

**વાઈબ્રન્ટ ઈવેન્ટ્સ**

| | | | |
|---|---|---|---|
| નોબેલ એક્ઝિબિશન અને ડાયલોગ | ગ્લોબલ CEO કોન્કલેવ | ગ્લોબલ ટ્રેડ શો '૧૭ | GST અને MSME સેમિનાર્સ |
| કન્ટ્રી સેમિનાર્સ | મેક ઈન ગુજરાત સીરીઝ — સેમિનાર્સ — | B2B અને B2G — મીટિંગ્સ — | એક્શન સેમિનાર્સ |

25+ બિઝનેસ સેક્ટર્સ | 100+ દેશો | 2000+ કંપનીઓ | 2500 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ

**સમિટની હાઈલાઈટ્સ–૧૦ જાન્યુઆરી ૨૦૧૭**

- નોબેલ ડાયલોગ
  સ્થળઃ મહાત્મા મંદિર
- માનનીય પ્રધાનમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી સાથે મહાનુભાવોની વન ઑન વન મીટિંગ
  સ્થળઃ મહાત્મા મંદિર
- માનનીય પ્રધાનમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું મહાનુભાવો સાથે લંચ
  સ્થળઃ મહાત્મા મંદિર
- માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા VGGS'17 નું ઉદ્‌ઘાટન
  સ્થળઃ મહાત્મા મંદિર
- માનનીય પ્રધાનમંત્રીશ્રીના અધ્યક્ષપદે ટોચના ૫૫+ CEOs સાથે ગ્લોબલ CEO કોન્કલેવ
  સ્થળઃ મહાત્મા મંદિર
- માનનીય પ્રધાનમંત્રીશ્રી, હેડ્સ ઑફ સ્ટેટ્સ અને કન્ટ્રીઝ, મહાનુભાવો અને ગ્લોબલ CEOs માટે મુખ્યમંત્રીશ્રીના યજમાનપદે ડિનર
  સ્થળઃ મહાત્મા મંદિર

MAKE IN INDIA | Skill India कौशल भारत-कुशल भारत | #startupindia | Digital India Power To Empower

પાર્ટનર દેશો
Australia, Canada, Denmark, France, Japan, The Netherlands, Poland, Singapore, Sweden, UAE, UK, USA

મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, સેક્ટર ૧૩સી, ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત VibrantGujarat company/vibrant-gujarat | www.vibrantgujarat.com | Helpline Number +91 79 23223802-07
વર્ચ્યુઅલ આસિસ્ટન્સ અને ફ્રી વાઈફાઈ માટે સમિટ એપ્લિકેશન ડાઉનલોડ કરોઃ VG-2017 Google play App Store | ઓનલાઈન રજિસ્ટ્રેશન અનિવાર્ય છે. | અગાઉથી બેજ મેળવી લેવા વિનંતી.
ઈન્ડસ્ટ્રિયલ એક્સટેન્શન બ્યૂરોઃ બ્લોક નં.૧૮, બીજો માળ, ઉદ્યોગ ભવન, ઘ-૪, સેક્ટર ૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ગુજરાત • P: +91-79-23256009, 23250492 / 93 • E: indextb@indextb.com • W: www.indextb.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com